# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*******************************************************

1. સર્વોચ્ચ અદાલતે આજે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલા મતદાર યાદી SIR ની કાયદેસરતાને સમર્થન આપ્યું.
2. વ્યાવસાયિક સંબંધો વધુ સુદ્રઢ બનાવવા કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કેનેડિયન વેપારીઓ અને રોકાણકારો સાથે બેઠક યોજી.
3. CBI એ NEET-UG પરીક્ષાના પેપર લીક કેસમાં વધુ બે આરોપીઓની ધરપકડ કરી.
4. કચ્છના દરિયામાંથી 200 કરોડ કરતાં વધુની કિંમતનો માદક પદાર્થનો જથ્થો જપ્ત કરાયો.
5. IPL ક્રિકેટમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે એલિમિનેટર મેચ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩0 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# SC-SIR VERDICT

સર્વોચ્ચ અદાલતે આજે ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલા મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ની કાયદેસરતાને સમર્થન આપ્યું છે. સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામાં અવલોકન કર્યું કે, SIR મુક્ત અને ન્યાયી ચૂંટણીઓની બંધારણીય આવશ્યકતાને આગળ ધપાવે છે.

કોર્ટે ઠરાવ્યું કે, ચૂંટણી પંચને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950ની કલમ 324 અને તેના હેઠળ બનાવેલા નિયમો હેઠળ SIR હાથ ધરવાની સત્તા છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે રિટ અરજીઓમાં આ ચુકાદો સંભળાવ્યો, જેમાં ગયા વર્ષે જૂનમાં બિહારમાં SIR હાથ ધરવા માટે ચૂંટણી પંચ  દ્વારા જારી કરાયેલા જાહેરનામાને પડકારવામાં આવ્યુ હતુ.

કોર્ટે ઠરાવ્યું કે SIR પ્રક્રિયા મુક્ત અને ન્યાયી ચૂંટણી કરાવવાના ધ્યેય સાથે જોડાયેલી છે. મુખ્ય ન્યાયાધીશ  સૂર્યકાંત દ્વારા આપવામાં આવેલા ચુકાદામાં કહેવામાં આવ્યું કે, જ્યારે કાયદો પોતે કોઈપણ સમયે, નોંધાયેલા કારણોસર અને ચૂંટણી પંચને યોગ્ય લાગે તે રીતે વિશેષ સુધારાને અધિકૃત કરે છે, કમિશને તેની વૈધાનિક સત્તાઓ કરતાં વધુ કાર્ય કર્યું હોવાનું પણ અવલોકન કોર્ટે કર્યું છે.

# GOYAL- CANADA -2

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કેનેડાની મુલાકાતના બીજા દિવસે ટોરોન્ટોમાં કેનેડિયન વેપારી નેતાઓ અને સંસ્થાકીય રોકાણકારો સાથે શ્રેણીબદ્ધ ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, આ બેઠકનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ અને ટેકનોલોજી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. મંત્રાલયે જણાવ્યું કે બંને પક્ષોએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 50 અબજ અમેરિકન ડોલર સુધી વધારવા અને વર્ષના અંત સુધીમાં CEPA વાટાઘાટો પૂર્ણ કરવાના તેમના સહિયારા ઉદ્દેશ્યને પણ દહોરાવ્યો હતો.

બંને મંત્રીઓની અધ્યક્ષતામાં કેનેડા-ભારત રોકાણ અંગે ગોળમેજી યોજાઇ હતી જેમાં પેન્શન ફંડ્સ અને બેંકો સહિત અગ્રણી કેનેડિયન નાણાકીય રોકાણકારોએ હાજરી આપી હતી. શ્રી ગોયલે વિવિધ ક્ષેત્રોમાં ભારત સાથે ભાગીદારી કરવા માટે હિસ્સેદારોને આમંત્રણ આપ્યું અને બંને દેશો માટે ટકાઉ વિકાસ અને સહિયારી સમૃદ્ધિને ટેકો આપવા માટે નાણાકીય બજારોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરી હતી. મંત્રીએ વીમા, ફૂડ પ્રોસેસિંગ અને અન્ય ક્ષેત્રોમાં અગ્રણી કેનેડિયન કંપનીઓ સાથે પણ બેઠકો યોજી.

ભારતીય સમુદાય સાથે વાત કરતાં શ્રી ગોયલે કેનેડામાં ભારતીય સમુદાયની શક્તિ અને ભારત-કેનેડા બિઝનેસ કોરિડોરને વધુ ગાઢ બનાવવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો.

# CBI - NEET CASE

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશ સીબીઆઇ એ NEET-UG 2026 પરીક્ષાના પેપર લીક કેસમાં વધુ બે આરોપીઓની ધરપકડ કરી છે. એજન્સીએ આ કેસમાં અત્યાર સુધીમાં 13 આરોપીઓની ધરપકડ કરી છે. આ કેસમાં લાતુરના ડોક્ટર મનોજ શિરુરે નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

CBI અનુસાર, તેણે આરોપી પી.વી. કુલકર્ણી પાસેથી રસાયણશાસ્ત્રના પ્રશ્નો મેળવવામાં આરોપી કોચિંગ સેન્ટરના માલિકના પુત્ર સહિત ત્રણ વિદ્યાર્થીઓને મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ધરપકડ કરાયેલા અન્ય આરોપી તેજસ હર્ષદકુમાર શાહ છે, જે પુણે સ્થિત કોચિંગ સેન્ટર, ડૉ. અભંગ પ્રભુ મેડિકલ એકેડેમીમાં ભૌતિકશાસ્ત્રના ફેકલ્ટી છે. તેણે ધરપકડ કરાયેલ આરોપી મનીષા હવાલદાર પાસેથી NEET UG 2026 પરીક્ષાના લીક થયેલા ભૌતિકશાસ્ત્રના પ્રશ્નો મેળવ્યા હતા.

CBI એ અત્યાર સુધીમાં વિવિધ સ્થળોએ 49 સ્થળોએ દરોડા પાડ્યા છે અને મોટા પ્રમાણમાં સમાગ્રી જપ્ત કરી છે. ગત ત્રીજી મેના રોજ યોજાયેલી NEET (UG) 2026 ની પરીક્ષા પેપર લીકના આરોપો વચ્ચે રદ કરવામાં આવી હતી.

# KUTCH DRUGS

ગુજરાતના કચ્છના મધદરિયામાંથી 200 કરોડનું ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. ગઇકાલે વહેલી સવારે એટીએસ અને કોસ્ટગાર્ડે આ ઓપરેશન હાથ ધરીને હતું. બે શકમંદોની અટકાયત કરી હતી. પ્રાથમિક તપાસમાં એમએસસી નામનું જહાજ યુરોપથી ડ્રગ્સ લઇને આવતુ હોવાનું જણાયું છે. ઝડપાયેલુ ડ્રગ્સ કોકેઇન હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

ગુજરાતના પોલીસ વડાએ આપેલી માહિતી અનુસાર કરાંચીથી બોટમાં આવેલું અંદાજે 110 કિલો કોકેઇન જપ્ત કરાયું છે. ઓપરેશન દરમિયાન એક વ્યક્તિ દરિયામાં કુદી ગયો હોવાનું પણ જણાવાયું છે.

અન્ય તપાસ એજન્સીઓની સાથે કસ્ટમની ટીમ પણ તપાસમાં જોડાઇ છે. પકડાયેલા તમામ શકમંદોની સઘન પૂછપરછ કરાઇ રહી છે.

# PM-HEATWAVE

દેશના વિવિધ ભાગોમાં વધતા તાપમાન વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને સાવચેતી રાખવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ લોકોને બહાર નીકળતી વખતે પાણી સાથે રાખવા જણાવ્યું છે.

વધુમાં બપોરના તડકામાં બહાર ન જવા, લોકોને તેમના ઘરો, બાલ્કનીઓ, ટેરેસ, દુકાનો અથવા ઓફિસોની બહાર પાણીની વ્યવસ્થા કરવા સાથે પ્રાણીઓ અને પક્ષીઓનું પણ ધ્યાન રાખવાની અપીલ કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# SECURTIY BRECH

ઘૂસણખોરી અને અન્ય કારણોસર થતા વસ્તી વિષયક પરિવર્તનના પડકારોનો સામનો કરવા માટે કેન્દ્રએ એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, આ સમિતિની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ પ્રકાશ પ્રભાકર નાઓલેકર કરશે.

શ્રી શાહે કહ્યું કે, ઘૂસણખોરી અને અન્ય કારણો અકુદરતી વસ્તી વિષયક પરિવર્તનનું કારણ બની રહ્યા છે, જે કોઈપણ રાષ્ટ્રના વર્તમાન અને ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ પડકાર રૂપ છે.

તેમણે કહ્યું કે, વસ્તી વિષયક પરિવર્તન એ માત્ર સાર્વભૌમત્વ સાથે જ નહીં પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા, સામાજિક માળખામાં ગહન ફેરફારો અને આદિવાસી સમાજના સંરક્ષણ સાથે પણ જોડાયેલો એક ગંભીર મુદ્દો છે.

# CENTRE - EBOLA VIRUS

કેન્દ્રએ જણાવ્યું કે, દેશમાં અત્યાર સુધી ઇબોલા વાયરસ રોગનો કોઈ કેસ નોંધાયો નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, તે આફ્રિકાના કેટલાક ભાગોમાં તાજેતરમાં ફેલાયેલા ઇબોલા રોગચાળા પછી બદલાતી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

સૂત્રોએ જણાવ્યું કે, યુગાન્ડાથી તાજેતરમાં મુસાફરી કરનાર એક વ્યક્તિ, જેણે શરીરમાં દુખાવાના હળવા લક્ષણો દર્શાવ્યા હતા, તેને નિરીક્ષણ અને તબીબી મૂલ્યાંકન માટે બેંગલુરુની સરકારી હોસ્પિટલમાં અલગ રાખવામાં આવ્યો હતો. નમૂના એકત્રિત કરવામાં આવ્યા છે અને પ્રયોગશાળા પરીક્ષણ માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં મોકલવામાં આવ્યા છે. પરીક્ષણનું પરિણામ ઇબોલા વાયરસ રોગ માટે નકારાત્મક આવ્યું છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, સંબંધિત રાજ્ય અધિકારીઓ સાથે સંકલનમાં રહીને સ્થિતીની પરથી નજર રાખી રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંગઠનની માર્ગદર્શિકા અનુસાર તમામ જરૂરી જાહેર આરોગ્ય પ્રોટોકોલનો અમલ કરાઇ છે.

# ISRAEL STRIKE

દક્ષિણ લેબનોનમાં ઇઝરાયલના હવાઈ હુમલામાં લગભગ 31 લોકોના મોત અને 40 અન્ય ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. લેબનોનના જાહેર આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે સરહદ પાર તણાવ વધી રહ્યો છે, ત્યારે ગઈકાલે અનેક શહેરો અને ગામડાઓને નિશાન બનાવીને આ હુમલા કરવામાં આવ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ....

VC- VAISHNAVI-FINAL

# TRUMP-CABINET MEET

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજે કેબિનેટની બેઠક યોજશે. જેમાં ભૂતપૂર્વ રાષ્ટ્રીય ગુપ્તચર નિર્દેશક તુલસી ગબાર્ડ સહિત તમામ કેબિનેટ સભ્યો હાજર રહે તેવી શક્યતા છે.

વ્હાઇટ હાઉસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અને ટોચના અધિકારીઓ બેઠક દરમિયાન વિદેશી અને સ્થાનિક બંને મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી શક્યતા છે. ઈરાન દ્વારા અમેરિકા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાના આરોપો વચ્ચે આ બેઠક યોજાઇ રહી છે.

# INDIAN ARMY EXAM

ભારતીય સેનામાં અગ્નિપથ યોજના અને નિયમિત કેડરમાં પ્રવેશ માટે ઓનલાઇન પ્રવેશ પરીક્ષા 1 લી જૂનથી 12 મી જૂન દરમિયાન લેવાશે.

અગ્નિપથ યોજના અને ભરતી વર્ષ 2027 માટે નિયમિત કેડર હેઠળ ભારતીય સેનામાં પ્રવેશ માટે ઓનલાઈન સામાન્ય પ્રવેશ પરીક્ષા પહેલી જૂનથી 12 જૂન દરમિયાન લેવામાં આવશે. ગુંટુર આર્મી રિક્રુટિંગ ઓફિસર કર્નલ રાજથ સુવર્ણા દ્વારા આજે જાહેર કરાયેલી એક પ્રેસનોંધમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું કે, આ પરીક્ષા આંધ્રપ્રદેશના 14 જિલ્લાઓના વિવિધ કેન્દ્રો પર લેવામાં આવશે, જેમાં અનંતપુર, ગુંટુર, વાયએસઆર કડપા, કુર્નૂલ, નંદ્યાલ, એસપીએસ નેલ્લોર, પ્રકાશમ, તિરુપતિ, વિશાખાપટ્ટનમ, વિજયનગરમ, શ્રીકાકુલમ, કાકીનાડા, રાજમુન્દ્રી અને એનટીઆર જિલ્લાનો સમાવેશ થાય છે.

કર્નલ સુવર્ણાએ જણાવ્યું કે, ઉમેદવારો સત્તાવાર ભારતીય સેના ભરતી વેબસાઇટ દ્વારા તેમના પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરી શકે છે, પરીક્ષા સૂચનાઓ વાંચી શકે છે અને મોક ટેસ્ટનો ઉપયોગ કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ઉમેદવારો તેલુગુ, હિન્દી અને અંગ્રેજી સહિત 13 ભાષાઓમાંથી કોઈપણ એકમાં ઓનલાઈન પરીક્ષા આપી શકશે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, સનરાઇઝર્સ હૈદરાબાદ આજે સાંજે મોહાલીના ન્યૂ ચંદીગઢ ખાતે એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સનો સામનો કરશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. વિજેતા ટીમ શુક્રવારે ક્વોલિફાયર-2 માં ગુજરાત ટાઇટન્સ સામે ફાઇનલમાં સ્થાન મેળવવા માટે ટકરાશે, જે આ મહિનાની 31મી તારીખે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે.

આ પહેલા, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગઈકાલે રાત્રે ધર્મશાલા ખાતે ક્વોલિફાયર-1 મેચમાં ગુજરાત ટાઇટન્સને 92 રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

255 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરતા, ગુજરાત ટાઇટન્સ ત્રણ બોલ બાકી રહેતા 162 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

# INDIA CONNECT- JAPAN

ભારતીય દૂતાવાસે સુમિટોમો રિયલ્ટી એન્ડ ડેવલપમેન્ટના સહયોગથી ટોક્યોમાં "ભારત - જાપાન નેક્સ્ટ જનરેશન પાર્ટનરશિપ સેલિબ્રેટિંગ" કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

જાપાનમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી કે, ટોક્યોમાં ભારતીય દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઓફ મિશન આર. મધુ સુદાને ભારતીય અને જાપાની અર્થતંત્રો વચ્ચેના પૂરક તત્વો અને વ્યવસાયો માટેની તકો પર પ્રકાશ પાડ્યો હતો. યામાનાશી પ્રીફેક્ચરના વાઇસ ગવર્નર, જુનીચી ઇશિડેરાએ વધતી જતી પ્રીફેક્ચર ભાગીદારી પર પ્રકાશ પાડ્યો.

આ વર્ષે ઓગસ્ટમાં યામાનાશીથી ઉત્તર પ્રદેશમાં વ્યાપારિક પ્રતિનિધિમંડળ મોકલવાની યોજના અંગે પણ વાતચીત કરી હતી.